# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) નિકાસકારો માટે નવી ધિરાણ ગેરંટી યોજનાને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી - દિલ્હી કાર વિસ્ફોટમાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કરતો ઠરાવ પસાર.

2) બોત્સ્વાના આજે ભારતને સ્થાનાંતરણ માટે ચિત્તા સોંપશે

3) ગેરકાયદે બાંગ્લાદેશી ઘૂષણખોરો સાથે સંકળાયેલ અલ-કાયદા ગુજરાત આતંકવાદી ષડયંત્રના સંદર્ભમાં NIAના પાંચ રાજ્યોમાં દરોડા

4) વિશેષ સઘન સુધારણાના બીજા તબક્કામાં 37 કરોડ ગણતરી ફોર્મનું વિતરણ કરાયું

5) FIDE ચેસ વિશ્વ કપમાં, ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસી, આર પ્રજ્ઞાનંધા અને પેન્ટલા હરિકૃષ્ણ આજે ગોવામાં રાઉન્ડ-4 ટાઇ-બ્રેક રમશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CABINET DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે નિકાસકારો માટે નવી ક્રેડિટ ગેરંટી યોજનાને મંજૂરી આપી છે, જે MSME સહિત નિકાસકારોને 100 ટકા ક્રેડિટ ગેરંટી ઓફર કરે છે. આ યોજના 20 હજાર કરોડ સુધીનું વધારાનું ધિરાણ પૂરું પાડશે, જે ભારતની વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરશે.

ગઈકાલે નવી દિલ્હીમાં મંત્રીમંડળના નિર્ણયો વિશે મીડિયાને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ યોજનાનો હેતુ ભારતના એક ટ્રિલિયન ડોલરના નિકાસ લક્ષ્યને ટેકો આપવા અને આત્મનિર્ભર ભારતના વિઝનને પ્રોત્સાહન આપવાનો છે.

બીજા એક નિર્ણયમાં, કેબિનેટે સીઝિયમ, ગ્રેફાઇટ, રુબિડિયમ અને ઝિર્કોનિયમ જેવા મુખ્ય ખનિજો માટે રોયલ્ટી દરોમાં સુધારો કર્યો છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, આનાથી ખનિજ બ્લોક્સની હરાજી થશે અને લિથિયમ, ટંગસ્ટન અને નિઓબિયમ જેવા મહત્વપૂર્ણ ખનિજોના સ્થાનિક ઉત્પાદનમાં વધારો થશે.

# CABINET RESOLUTION

કેન્દ્રીય મંત્રીમંડળે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કાર વિસ્ફોટની આતંકી ઘટનામાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કરતો ઠરાવ પસાર કર્યો છે. નિર્દોષ જીવ ગુમાવનારા લોકોના માનમાં મંત્રીમંડળે બે મિનિટનું મૌન પાળ્યું. મંત્રીમંડળે રાષ્ટ્રીય સુરક્ષા અને દરેક નાગરિકની સલામતી પ્રત્યેની તેની સ્થાયી પ્રતિબદ્ધતા સાથે સુસંગત, તમામ ભારતીયોના જીવન અને સુખાકારીનું રક્ષણ કરવાના સરકારના દૃઢ સંકલ્પને પુનઃપુષ્ટિ આપી.

નવી દિલ્હીમાં મીડિયાને સંબોધન કરતાં, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, મંત્રીમંડળે આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

# PREZ BOTSWANA -CHEETAH HANDOVER

બોત્સ્વાના આજે પ્રોજેક્ટ ચિત્તા હેઠળ ભારતને સ્થાનાંતરણ માટે ચિત્તા સોંપશે. ગઈકાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને તેમના બોત્સ્વાના સમકક્ષ ડુમા બોકો વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોના અંતે સંયુક્ત પ્રેસ બ્રીફિંગ દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી.

રાષ્ટ્રપતિની મુલાકાત અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : કરણ પરમાર )

*(ભારત અને બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ ગેબોરોન નજીક ચિત્તાઓને મુક્ત કરવાના સાક્ષી બનશે. આ કાર્યક્રમ બોત્સ્વાના દ્વારા ભારતને ચિત્તાઓનું પ્રતીકાત્મક દાન દર્શાવે છે. આ સોંપણી બંને દેશો વચ્ચે વન્યજીવન સંરક્ષણમાં દ્વિપક્ષીય સહયોગના નવા અધ્યાયની શરૂઆત દર્શાવે છે.*

*ચિત્તાઓ ભારતમાં સ્થાનાંતરિત થાય તે પહેલાં થોડા સમય માટે ક્વોરેન્ટાઇન સુવિધામાં રહેશે. બોત્સ્વાના ભારતમાં ચિત્તાઓની વસ્તીના પુનર્જીવનમાં મદદ કરવા માટે ભારતને આઠ ચિત્તાનું દાન કરશે.*

*રાષ્ટ્રપતિ ડુમા બોકોએ કહ્યું હતું કે આ કરાર સહિયારા પર્યાવરણીય લક્ષ્યો અને જૈવવિવિધતાને પ્રોત્સાહન આપવાની ભાવના દર્શાવે છે. બોત્સ્વાનાના સમર્થન બદલ આભાર માનતા રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું હતું કે ભારત મોટી બિલાડીઓની સારી સંભાળ રાખશે.*

*કરણ પરમાર પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ)*

# PARLIAMENT-COMMITTEE

ભાજપના સાંસદ અપરાજિતા સારંગીને બંધારણ 130મો સુધારા ખરડો, 2025, જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન સુધારા ખરડો 2025 અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર સુધારા ખરડો, 2025ની તપાસ માટે સંસદની સંયુક્ત સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે. 31 સભ્યોની સમિતિમાં ભાજપના 15 સાંસદ, NDAના સાથી પક્ષોના 11, વિપક્ષના ચાર અને એક નામાંકિત સભ્યનો સમાવેશ થાય છે.

ભાજપના અગ્રણી સભ્યોમાં રવિશંકર પ્રસાદ, પરષોત્તમ રૂપાલા, અનુરાગ ઠાકુર અને બ્રિજ લાલનો સમાવેશ થાય છે. રાજ્યસભાના નામાંકિત સભ્ય સુધા મૂર્તિ પણ સમિતિમાં છે. જ્યારે વિપક્ષના સભ્યોમાં સુપ્રિયા સુલે, હરસિમરત કૌર બાદલ, અસદુદ્દીન ઓવૈસી અને નિરંજન રેડ્ડીનો સમાવેશ થાય છે. કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસે સમિતિમાં જોડાવાનો ઇનકાર કર્યો છે.

20 ઓગસ્ટના રોજ ચોમાસુ સત્રના છેલ્લા દિવસે રજૂ કરાયેલા આ ત્રણ ખરડામાં પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અને મંત્રીઓને ગંભીર આરોપોમાં 30 દિવસ સુધી અટકાયતમાં રાખવા પર આપમેળે દૂર કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

# JAISHANKAR G-7 FMM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કેનેડાના નાયગ્રામાં G7 વિદેશ મંત્રીઓની બેઠક "ઊર્જા સુરક્ષા અને મહત્વપૂર્ણ ખનિજો પર આઉટરીચ સત્ર" માં ભાગ લીધો હતો.

બેઠક દરમિયાન, ડૉ. જયશંકરે ભારતનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો અને બંને મુદ્દાઓ પર નિર્ભરતા ઘટાડવા, આગાહીને મજબૂત કરવા અને સ્થિતિસ્થાપકતા બનાવવા માટેની જરૂરિયાત વિશે વાત કરી.

તેમણે કહ્યું કે વધુ આંતરરાષ્ટ્રીય સહયોગ એ એકમાત્ર રસ્તો છે અને ભારત આ સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે રચનાત્મક રીતે કામ કરવા માટે ખુલ્લું છે. તેમણે વૈશ્વિક પુરવઠામાં અણધારીતા અને બજાર અવરોધોની પણ નોંધ લીધી.

# NIA--SEARCHES

ગેરકાયદે બાંગ્લાદેશી ઇમિગ્રન્ટ્સ સાથે સંકળાયેલ અલ-કાયદા ગુજરાત આતંકવાદી કાવતરા કેસના સંદર્ભમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી-NIAએ ગઈકાલે પાંચ રાજ્યોમાં 10 સ્થળોએ દરોડા પાડ્યા.

NIAએ ગુજરાત, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, મેઘાલય અને હરિયાણામાં અનેક સ્થળોએ વિવિધ શંકાસ્પદો અને તેમના સહયોગીઓના પરિસરોની તપાસ કરી હતી. એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું કે, દરોડા દરમિયાન ઘણા ડિજિટલ ઉપકરણો અને ગુનાહિત દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા જેને ફોરેન્સિક વિશ્લેષણ માટે મોકલવામાં આવી રહ્યા છે.

**અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું કે, ચાર બાંગ્લાદેશી નાગરિકો બનાવટી ભારતીય ઓળખ કાર્ડનો ઉપયોગ કરીને બાંગ્લાદેશથી ગેરકાયદે ભારતમાં પ્રવેશ્યા હતા. તેઓ પ્રતિબંધિત અલ-કાયદા આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું હતું.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# EC-SIR

**ચૂંટણી પંચે માહિતી આપી કે, 4 નવેમ્બરે વિશેષ સઘન સુધારણા-SIRનો બીજો તબક્કો શરૂ થયા બાદ મતદારોમાં 37 કરોડ ગણતરી ફોર્મનું વિતરણ કરાયું છે.**

**આ તબક્કામાં આવરી લેવામાં આવનાર કુલ 51 કરોડ મતદારોમાંથી તે 70 ટકા છે. પંચે જણાવ્યું કે, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ 10 કરોડ 80 લાખ ફોર્મ**

સોંપવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં 6 કરોડ 80 લાખથી વધુ ફોર્મ અપાયા છે.

બીજા તબક્કામાં, SIR નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં થઈ રહ્યું છે. ચાલુ ગણતરીનો તબક્કો 4 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

# TB-INDIA

છેલ્લા દાયકામાં ભારતમાં ક્ષય રોગના કેસોમાં 21 ટકાનો ઘટાડો થયો છે, જે વૈશ્વિક સરેરાશ 12 ટકા કરતા લગભગ બમણો છે. વિશ્વ આરોગ્ય સંગઠનના વૈશ્વિક ટીબી અહેવાલ 2025 મુજબ, દેશમાં ટીબીના દર્દીઓની સંખ્યા 2015માં પ્રતિ લાખ વસતિમાં 237 હતી, તે ઘટીને 2024માં પ્રતિ લાખ 187 થઈ ગઈ છે.

આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, ભારતના સુધારેલા કેસ-ફાઇન્ડિંગ અભિગમથી નિદાન અને સારવારના કવરેજમાં વધારો થયો છે. ક્ષય રોગના મૃત્યુદર 2015માં પ્રતિ લાખ વસતિએ 28 હતો તે ઘટીને ગયા વર્ષે પ્રતિ લાખ 21 થયો છે.

# CHESS - FIDE WORLD CUP

FIDE ચેસ વિશ્વ કપમાં, ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસી, આર પ્રજ્ઞાનંધા અને પેન્ટલા હરિકૃષ્ણ આજે ગોવામાં રાઉન્ડ-4 ટાઇ-બ્રેક રમશે. આ મુકાબલો બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે.

અગાઉ, અર્જુને હંગેરીના પીટર લેકો સામે સારી સ્પર્ધાત્મક ડ્રો રમી હતી, જ્યારે પ્રજ્ઞાનંધે રશિયાના ડેનિલ ડુબોવ સામે ડ્રો રમી હતી.

આ અંગે સાંભળીએ એક અહેવાલ..

(V/C- NIKHIL-PANJI)

# SRI LANKA RETURN PAKISTAN

પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં 12 લોકોના મોત બાદ સલામતીની ચિંતાઓને કારણે હાલમાં પાકિસ્તાનમાં 3 મેચની ODI શ્રેણી માટે રહેલા અનેક શ્રીલંકન ક્રિકેટરોએ સ્વદેશ પાછા ફરવાની વિનંતી કરી છે. તેના જવાબમાં, શ્રીલંકા ક્રિકેટે ખેલાડીઓની વિનંતી સ્વીકારી છે, પરંતુ તેમને સમયપત્રક મુજબ શ્રેણી ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો છે.

બંને ટીમો વચ્ચેની બીજી વનડે મેચ આજે રાવલપિંડીમાં રમાશે, જે ઇસ્લામાબાદથી અંદાજે 20 કિલોમીટર દૂર છે. શ્રીલંકા 19 નવેમ્બરે પાકિસ્તાનમાં ત્રિ-રાષ્ટ્રીય T20 શ્રેણી રમવાનું પણ સુનિશ્ચિત છે.

# IOM LIBYA BOAT MISHAP

ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશન (IOM) એ જણાવ્યું કે લિબિયાના દરિયાકાંઠે 49 સ્થળાંતર કરનારાઓ અને શરણાર્થીઓને લઈ જતી બોટ પલટી જતાં 42 લોકોના મોત થયા હોવાની આશંકા છે.

**એક નિવેદનમાં, IOM એ જણાવ્યું કે લિબિયાના દરિયાકાંઠાના શહેર ઝુવારાથી રવાના થયેલા બોટ પલટી ગયા બાદ લિબિયન અધિકારીઓએ 8 નવેમ્બરના રોજ અલ બુરી ઓઇલ ફિલ્ડ નજીક શોધ અને બચાવ કામગીરી હાથ ધરી હતી.**

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

- મોટા ભાગના તમામ અખબારોએ આજે દિલ્હી વિસ્ફોટની ઘટના અંગેના સમાચારને હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચાર લખે છે આતંકીઓનો 26 જાન્યુઆરીએ લાલ કિલ્લો ઉડાડવાનો મનસૂબો
- કેબિનેટ બેઠકના ઠરાવને ટાંકીને નવ ગુજરાત સમયે લખ્યું, દિલ્હી વિસ્ફોટ આતંકી કૃત્ય:હુમલાખોરોને નહીં બક્ષાય.
- ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં NIAના દરોડા- આ સમાચાર ફૂલછાબે પ્રથમ પાને છાપ્યા છે
- સંદેશે લખ્યું-રાજકીય દાનની આડમાં કરોડોની લેતી દેતી-આવકવેરાના રાજ્યવ્યાપી દરોડા
- આ સિવાય, રમતગમતમાં અમદાવાદમાં 22મીથી AFC અંડર-17 એશિયન કપ ક્વોલિફાયર્સના સમાચાર પણ અખબારોના રમતગમત પાનાં પર જોવા મળી રહ્યા છે